# Day to Day Current Affairs

18.Dec 2015

## ૧. 'સમુદ્ર પાવક' :

- તાજેતરમાં ગુજરાતના પોરબંદરને દરિયામાં પ્રદુષણને કન્ટ્રોલ કરવા, દરિયાઈ જીવ સૃષ્ટિને બચાવવા તેમજ દરિયામાંથી ઓઈલ ખેંચવા માટે 'સમુદ્ર પાવક' નામની આઈસીજી શીપ ફાળવવામાં આવી છે.
- 'સૃમુદ્ર પાવક' ની સૌથી મહત્વની કામગીરી દરમિમાંથી ઓઈલ ખેચવાની અને પ્રદુષણ નિવારવાની છે,
- આ ઉપરાંત તે કોસ્ટલ સિક્યુરીટીના પેટ્રોલીંગ મેરીટાઈમ રીસર્ચ અને રેસ્કયુ માટે પણ સતત કાર્યરત રહેશે.
- આ જહાજ ડીઝલ – ઈલેકટ્રીક સિસ્ટમ બેઈઝ જહાજ છે.
- સુરતના એબીસીજી શિપયાર્ડ દ્વારા આ જહાજ તૈયાર કરવામાં આવ્યુ છે.
- શીપની વિશેષતા :

  કિંમત – 1.20 અબજ રૂપિયા. લંબાઈ – 94 મીટર.
  ઝડપ – 21 નોટિકલ માઈલ. વજન – 3300 ટન.
  ક્ષમતા – પ્રતિ કલાક 300 ટન ઓઈલ.
  સ્ટાફ – 100 કર્મચારી, 10 ઓફિસરો.
  સેફ્ટી -4 વોટર સ્કુટર, 2 લાઈફ બોટ.
- આ શીપમાં કોસ્ટગાર્ડનું ચેતક હેલીકોપ્ટર લેન્ડિંગ થઈ શકે તેવી સુવિધા પણ ઉપલબ્ધ કરવામાં આવી છે.

## ૨. આકાશદિપ –હોકી :

- ભારતના યુવા ખેલાડી આકાશદિપને આંતરરાષ્ટ્રીય હોકી ફેડરેશને વર્ષના શ્રેષ્ઠ યુવા ખેલાડી તરીકેના એવોર્ડની રેસમાં સામેલ કર્યા છે.
- વર્લ્ડ હોકી લીગ ફાઈનલસ ટુર્નામેન્ટમાં નેધરલેન્ડને ભારતને બ્રોન્ઝ મેડલ અપાવવામાં આકાશદિપનો દેખાવ નોધપાત્ર રહ્યો હતો.

## 3. મોસ્ટ સર્ચ સ્પોર્ટસ પર્સન ઓફ ધ યર : 2015

- તાજેતરમાં ગુગલ ઈન્ડિયા દ્વારા 2015માં તેના યુઝર્સ દ્વારા કરવામાં આવેલા સર્ચે આધારે ભારતીય ટેસ્ટ ટીમ કેપ્ટન વિરાટ કોહલીને 'મોસ્ટ સર્ચ સ્પોર્ટસ પર્સન ઓફ ધ યર 2015 જાહેર કર્યો છે.
- આ યાદીમાં ટોપ – 10માં એકમાત્ર મહિલા ખેલાડી સાનિયા મિર્ઝા છે તેમજ ભારતમાંથી ક્રિકેટ સિવાઇના ખેલાડીમા પણ સાનિયા મિર્ઝા છે.
- ટોપ – 10 સર્ચ ખેલાડીઓ :

| ક્રમ | નામ | રમત | દેશ |
|---|---|---|---|
| 1. | વિરાટ કોહલી | ક્રિકેટ | ભારત |
| 2. | લિયોનાલ મેસ્સી | ફુટબોલ | આર્જેન્ટિના |
| 3. | સચિન તેંડુલકર | ક્રિકેટ | ભારત |
| ૪. | મહેન્દ્રસિંહ ધોની | ક્રિકેટ | ભારત |
| ૫. | ક્રિસ્ટિયાનો રોનાલ્ડો | ફુટબોલ | પોર્ટુગલ |
| ૬. | રોજર ફેડરર | ટેનિસ | સ્વિત્ઝર્લેન્ડ |
| ૭. | સાનિયા મિર્ઝા | ટેનિસ | ભારત |
| ૮. | રોહિત શર્મા | ક્રિકેટ | ભારત |
| ૯. | યુવરાજસિંહ | ક્રિકેટ | ભારત |
| ૧૦. | નોવાક જોકોવિસ | ટેનિસ | સર્બિયા |

## ૪. બિઝનેસ માટેના શ્રેષ્ઠ દેશોની યાદી :

- તાજેતરમાં પ્રખ્યાત મેગેઝીન ફોર્બસ દ્વારા બિઝનેસ માટે શ્રેષ્ઠ એવા 144 દેશોની યાદી જારી કરી છે. ફોર્બસ આ યાદીમાં ટોચનું સ્થાન ડેનમાર્કને આપ્યું છે. જેમા ભારતનું સ્થાન 97માં ક્રમે છે. ફોર્બસ દ્વારા જારી કરાયેલ આંકડા પ્રમાણે ભારતની અન્ય સેકટરમાં દેખાવ :
- રોકાણકારોની સુરક્ષા મામલે આઠમાં ક્રમે.
- વ્યકિતગત આઝાદીના મામલે 57માં ક્રમે.
- ભ્રષ્ટાચાર મામલે 77માં ક્રમે.
- ટેકનોલોજીના મામલે 120માં ક્રમે.

### પ્રશ્નો

૧.તાજેતરમાં ગુજરાતના ક્યાં શહેરમાં દરિયામાંથી ઓઇલ ખેંચવા માટેનું શીપ ફાળવવામાં આવ્યું ?........ પોરબંદર

૨.તાજેતરમાં પોરબંદરને ફાળવવામાં આવેલ આઇસીજી શીપ્નું નામ જણાવો.? ............. 'સમુદ્ર પાવક'

3.'સમુદ્ર પાવક' જહાજ કયાં તૈયાર કરવામાં આવ્યું હતું ? .... સુરત, એબીસીજી શીપયાર્ડ

૪.સમુદ્ર પાવક જહાજ ઝડપ અને લંબાઇ જણાવો.
ઝડપ 21 નોટિકલમાઇલ, લંબાઇ 94 મીટર

૫.સમુદ્ર પાવક જહાજ પ્રતિ કલાક કેટલુ ઓઇલ દરિયામાંથી ખેંચી શકવાની ક્ષમતા ધરાવે છે ?......... 300 ટન

૬.સમુદ્ર પાવક જહાજની અંદાજીત કિંમત જણાવો......1.20 અબજ

૭.ભારતના આકાશદિપ કઇ રમત સાથે સંકળાયેલા છે? હોકી

૮.તાજેતરમાં આંતરરાષ્ટ્રીય હોકી ફેડરેશને વર્ષના શ્રેષ્ઠ યુવા ખેલાડી એવોર્ડમાં ક્યાં ભારતીયને નામાંકીત કર્યો છે ? આકાશદિપ

૯.ગુગલ ઇન્ડિયાના મોસ્ટ સર્ચ સ્પોટ્સપર્સન ઓફ-2015 માં કયો ખેલાડી ટોચ પર છે ? વિરાટ કોહલી

૧૦.ગુગલ ઇન્ડિયાના મોસ્ટ સર્ચ સ્પોટ્સપર્સન ઓફ 2015માં ભારતમાં ક્રિકેટ સિવાયના ખેલાડીનું નામ અને તેનો ક્રમ જણાવો... સાનિયા મિર્ઝા – ટેનિસ, ક્રમ – સાતમો

Vivekanand Academy, Gandhinagar

૧૧.તાજેતરમાં પ્રખ્યાત મેગેઝીન ફોર્બસ દ્વારા બિઝનેસ માટેના
શ્રેષ્ઠ 144 દેશોની યાદીમાં ભારતનો ક્રમ જણાવો..... 97
૧૨.તાજેતરમાં પ્રખ્યાત મેગેઝીન ફોર્બસ દ્વારા બિઝનેસ માટેના
શ્રેષ્ઠ દેશોની યાદીમાં કયો દેશ પ્રથમ સ્થાને છે.? ડેનમાર્ક
૧૩.ફોર્બસની યાદી પ્રમાણે ભારત રોકાણકારોની સુરક્ષાના મામલે
ક્યાં ક્રમે છે ? આઠમા
૧૪. ફોર્બસની યાદી પ્રમાણે ભારત વ્યકિતગત આઝાદીના મામલે
ક્યાં ક્રમે છે ? 57મા

Vivekanand Academy, Gandhinagar